JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ ચોથ મંગળવાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો વિકાસ દર 7.8%



**ચાલુ** નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વિકાસ દર ધારણા કરતા ઘણો સારો રહ્યો

**ઈરાન** સંઘર્ષ અને ઊર્જા સંકટ છતાં RBIના 7%ના અંદાજને વટાવ્યો

**વિશ્વની** સૌથી ઝડપે વિકસતી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું ભારતનું સ્થાન જળવાઇ રહ્યું

**નવી દિલ્હી, તા. 31(PTI):** ઈરાનમાં યુદ્ધ અને તેના પરિણામે સર્જાયેલી વૈશ્વિક આર્થિક અસ્થિરતા વિકાસને અસર કરશે તેવી ચિંતાઓ વચ્ચે પણ મક્કમતા દર્શાવતા, એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર ધારણા કરતાં વધુ ઝડપી 7.8 ટકા રહ્યો છે.

નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ(GDP)નો વિકાસ દર અગાઉના ત્રિમાસિક ગાળાના ધમાકેદાર 8.6 ટકાથી ધીમો પડ્યો હતો, પરંતુ સંઘર્ષ ફાટી નીકળ્યો અને ઉર્જા બજારો ખોરવાયા ત્યારે રખાયેલી અપેક્ષાઓ કરતાં ઘણો વધારે રહ્યો હતો. ઝડપ, જે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી

...અનુસંધાન પાના 4 પર

### બરબાદીની વાતો કરનારા બરબાદ થઇ ગયા અને ભારત ફરી ખીલી ઉઠ્યું: મોદી

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતનો ઉદાહરણરૂપ જીડીપી વિકાસ એક જબરજસ્ટ સિધ્ધી છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે તેલના ભાવમાં આંચકા અને સપ્લાય ચેઇનની સમસ્યાઓ હોવા છતાં, આપણા લોકોની સામૂહિક શક્તિએ ભારતે આવો વિકાસ સુનિશ્ચિત કર્યો એમ મોદીએ કહ્યું હતું. ભારતની આર્થિક સ્થિતિ અંગે પ્રશ્નો ઉઠાવનારાઓ પર કટાક્ષ કરતા મોદીએ કહ્યું હતું કે બરબાદીની વાતો કરનારા બરબાદ થઇ ગયા અને ભારત ફરી ખીલી ઉઠ્યું. નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ સિદ્ધિનો યશ આર્થિક સુધારાને આપ્યો હતો.

## સમિટમાં પીએમ મોદીનો પુતિનને સ્પષ્ટ સંદેશ

# ‘અંતહીન યુદ્ધમાંથી યુદ્ધના અંત તરફ આગળ વધો’

**બિશ્કેકમાં** રશિયન પ્રમુખ સાથે મુલાકાત; મોદીએ કહ્યું- શાંતિપૂર્ણ ઉકેલ માનવતાની સામૂહિક પ્રાથમિકતા

**રશિયા-**યુક્રેન સંઘર્ષ સહિત વેપાર, રોકાણ, ઊર્જા અને ખાતા સુરક્ષા પર ચર્ચા; પુતિને ભારત સાથેના સંબંધોને વિશેષ ગણાવ્યા




**બિશ્કેક, તા. 31 (PTI):** રશિયા-યુક્રેન યુદ્ધનો તાત્કાલિક અંત લાવવાની અપીલ કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને ‘અંતહીન યુદ્ધમાંથી યુદ્ધના અંત તરફ’ આગળ વધવા અપીલ કરી હતી. કિર્ગિઝસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) સમિટ દરમિયાન પુતિન સાથેની મુલાકાતમાં મોદીએ કહ્યું કે યુદ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલે છે, જ્યારે શાંતિ તરફનું દરેક પગલું નવી આશા અને ઉત્સાહ આપે છે.

મોદીએ કહ્યું કે ભારત શાંતિ માટેના તમામ પ્રયાસોને સમર્થન આપે છે અને આગળ પણ આપતું રહેશે. ગાંધી અને બુદ્ધની ધરતી ભારતનો સંદેશ શાંતિનો છે અને તમામ મુદ્દાઓનો વહેલી તકે શાંતિપૂર્ણ ઉકેલ માનવતાની સામૂહિક પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે કહ્યું કે યુદ્ધમાંથી બહાર આવીને શાંતિ તરફ આગળ વધવું માનવતાના કલ્યાણ માટે અત્યંત જરૂરી છે. પીએમ મોદી અને પ્રમુખ પુતિન એક જ

...અનુસંધાન પાના 4 પર

### ચીન-રશિયા વચ્ચે વિઝા-ફ્રી મુસાફરી કાયમી કરવાની તૈયારી



**બિશ્કેક.** કિર્ગિઝસ્તાનની રાજધાની બિશ્કેકમાં સોમવારે ચીન પ્રમુખ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે મુલાકાત યોજાઈ હતી. શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટની બાજુમાં યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓએ ચીન અને રશિયા વચ્ચે વિઝા-મુક્ત પ્રવાસ વ્યવસ્થાને કાયમી બનાવવાની શક્યતા ઉપરાંત પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પુતિને કહ્યું કે જો ચીન આ વ્યવસ્થાને શક્ય અને ઉપયોગી માને તો રશિયા તેને કાયમી બનાવવા માટે સાથે મળીને કામ કરવા તૈયાર છે. તેમણે જણાવ્યું કે વિઝા-મુક્ત મુસાફરીને કારણે આ વર્ષના પ્રથમ 6 મહિનામાં બંને દેશો વચ્ચે પ્રવાસીઓની સંખ્યામાં 43%નો વધારો થયો છે. 1 ડિસેમ્બર, 2025ના રોજ પુતિને ચીની નાગરિકોને 14 સપ્ટેમ્બર, 2026 સુધી 30 દિવસ સુધી વિઝા વગર રશિયામાં પ્રવેશની મંજૂરી આપી હતી. આ વ્યવસ્થા પરસ્પરતાના સિદ્ધાંત પર આધારિત હતી. અગાઉ ચીને પણ રશિયન નાગરિકો માટે આવી જ વિઝા-મુક્ત વ્યવસ્થા શરૂ કરી હતી. ત્યારબાદ બંને દેશોએ વિઝા વગર

...અનુસંધાન પાના 4 પર

# G.O.A.T મેસીની ઈન્ટરનેશનલ ફૂટબોલને અલવિદા



આર્જેન્ટીનાના કેપ્ટન લિયોનલ મેસીએ આજે પોતાની રાષ્ટ્રીય ટીમ વતી ઇન્ટરનેશનલ કેરિયરને અલવિદા કરી દીધી છે. મેસીએ પોતાની નિવૃત્તિનો નિર્ણય ફિફા વર્લ્ડકપ ફાઇનલની હારના બે દિવસ પછી જ લઇ લીધો હતો, જો કે તેની જાહેરાત તેણે આજે સોમવારે કરી હતી. તેણે પોતાની નિવૃત્તિ સંબંધિત પોસ્ટમાં લખ્યું હતું કે પિતાના નિધન પછી તેણે નિવૃત્તિનો નિર્ણય જાહેર કરવાનું મન બનાવી લીધું હતું.

વિસ્તૃત અહેવાલ વાંચો સ્પોર્ટસ લાઈન પર

## દિલ્હી ડાયરી



### મોહન ભાગવતની ન્યૂયોર્ક મુલાકાતમાં હળવી ક્ષણો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે તેમની યુનાઇટેડ સ્ટેટ્સના ન્યૂયોર્કની ચાલુ મુલાકાત દરમિયાન લોકો સાથેની વાતચીતમાં રમૂજ ઉમેરવાનો રસ્તો શોધી કાઢ્યો હતો. તેમણે માનવ સ્વભાવ વિશે મોટી વાત કરતી વખતે વારંવાર પોતાના સ્વાસ્થ્યનો ઉલ્લેખ કર્યો હતો. માણસ પોતાના માટે શું સારું છે તે જાણતો હોવા છતાં ક્યારેક લાલચમાં આવી જાય છે તે વિશે વાત કરતાં ભાગવતે કહ્યું કે, તેઓ ડાયાબિટીસના દર્દી છે, પરંતુ આમ છતાં જ્યારે કોઈ તેમને મીઠાઈ આપે ત્યારે તેઓ તે ખાવાથી ખુદને રોકી શકતા નથી. ત્યાર બાદ મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતેના તેમના સંબોધન દરમિયાન, ભાગવતે અતિશય મોહ-માયા લોકોને તેમની ઇચ્છિત

...અનુસંધાન પાના 4 પર

# ઈરાનના ખાર્ગ ટાપુ પર હુમલાનો AI-જનરેટેડ વીડિયો



**ટ્રમ્પે** સોશ્યલ મીડિયા પર મૂક્યો, કેપ્શનમાં લખ્યું: ખર્ગ આઇલેન્ડના ટુકડે-ટુકડા થઈ રહ્યા છે!!!

**ઇરાને** ટ્રમ્પની આ પોસ્ટને હાસ્યાસ્પદ ગણાવી

**વૉશિંગ્ટન, તહેરાન, તા. 31:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે વહેલી સવારે સોશિયલ મીડિયા પર ઈરાનના ઊર્જા કેન્દ્ર ‘ખર્ગ આઈલેન્ડ’ પર બોમ્બધડાકા થઈ રહ્યા હોવાનો દાવો કરતો એક AI-જનરેટેડ વીડિયો શેર કર્યો હતો. આ એવા સમયે બન્યું જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે નવા હુમલાઓ શરૂ થયા છે અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યો છે.આ વીડિયોમાં ખર્ગ ટાપુ સળગતો દેખાઈ રહ્યો

...અનુસંધાન પાના 4 પર

## એક મહિનાના વિરામ પછી ફરીથી લડાઇ શરૂ

# હોર્મુઝમાં ઈરાની રોકેટ લોન્ચરો પર અમેરિકાનો હુમલો

**લારાક** ટાપુ પર વિસ્ફોટોના અવાજ સંભળાયા, કેટલાકનાં મોતના અહેવાલ

**ઇરાને** અખાતી પ્રદેશમાં અમેરિકી સ્થાનો પર વળતા હુમલા કર્યા

**જોર્ડનમાં** યુએસ બેઝ પર બેલિસ્ટિક મિસાઈલોથી પલટવાર; 8 મિસાઈલ હવામાં આંતરાઈ

**વાશિંગ્ટન, તા. 31 (AP):** છ મહિનાથી વધુ સમયથી ચાલતા અનિયમિત યુદ્ધ દરમિયાન એક મહિનાના વિરામ બાદ, રવિવારે અમેરિકી દળોએ હોર્મુઝની સમુદ્રધૂની પર ઈરાની રોકેટ લોન્ચરો પર લશ્કરી હુમલો કર્યો હતો. ઈરાને આ ઘાતક હુમલાનો જવાબ આપવાની તાત્કાલિક પ્રતિજ્ઞા લીધી હતી. યુએસ સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા ટિમ હોકિન્સના જણાવ્યા અનુસાર, રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના દળો સમુદ્રધૂનીમાં દરિયાઈ માઈન્સ સાથેના રોકેટ છોડવાની તૈયારી કરતા જોવા મળ્યા હતા. અમેરિકી લશ્કરે ગયા અઠવાડિયે જ સમુદ્રધૂનીના આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ પરથી દરિયાઈ માઈન્સ હટાવવાનું કામ પૂરું કર્યું હતું. ઈરાનના અર્ધ-સરકારી સમાચાર માધ્યમોએ સમુદ્રધૂની પર આવેલા લારાક ટાપુ નજીક વિસ્ફોટોના અવાજ સાંભળાયા હોવાનું જણાવ્યું હતું. ઈરાનના સ્ટેટ બ્રોડકાસ્ટર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કેટલાક સૈનિકો અને દેશવાસીઓની શહાદત અને ઈજા થઈ હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ, ઈરાન સ્ટેટ ટેલિવિઝને યુએસ હુમલાના જવાબમાં ઈરાન દ્વારા જોર્ડનમાં યુએસ બેઝ પર બેલિસ્ટિક મિસાઈલો દાગવામાં

...અનુસંધાન પાના 4 પર

### યુએઇએ ઇરાની ડ્રોન તોડી પાડ્યું

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારે વહેલી સવારે સંયુક્ત આરબ અમીરાતના પ્રાદેશિક દરિયાઈ ક્ષેત્ર પરથી એક ઈરાની ડ્રોનને આંતરીને તોડી પાડવામાં આવ્યું હતું. આ હુમલો અઠવાડિયાના અંતમાં ઈરાન અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે થયેલા ગોળીબાર પછી થયો હતો, જે એક મહિના કરતાં વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં પ્રથમ મોટી લશ્કરી કાર્યવાહી હતી.

### ગાઝામાં ઇઝરાયેલના હુમલામાં પાંચનાં મોત

સોમવારે ગાઝા સિટીમાં ઇઝરાયેલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા પાંચ પેલેસ્ટિનિયનોના મોત થયા હતા, તેમ હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. સિટીના મ્યુનિસિપલ પાર્ક નજીક એક નિવાસી બિલ્ડિંગના પ્રવેશદ્વાર પર એક હુમલો થયો હતો, જેમાં બે લોકો માર્યા ગયા હતા, તેમ શિફા હોસ્પિટલે જણાવ્યું હતું જ્યાં ઇજાગ્રસ્તોને લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલે જણાવ્યું હતું કે અન્ય બે પેલેસ્ટિનિયનો ગંભીર રીતે ઘાયલ થયા છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે, શહેરના એક રહેણાક વિસ્તારમાં એક વાહન પર બીજો હુમલો થયો હતો, જેમાં ત્રણ લોકોનાં મોત થયા હતા. સેનાએ કોઈ પુરાવા આપ્યા વિના જણાવ્યું હતું કે તેણે વાહનમાં સવાર શંકાસ્પદ ઉગ્રવાદીઓ પર હુમલો કર્યો હતો. જો કે, તેણે પહેલા હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી.

# દિલ્હી SIR: ડ્રાફ્ટ મતદાર યાદીમાં 47 લાખથી વધુ નામો રદ થયા

**દિલ્હીમાં** ડ્રાફ્ટ સ્તરે દેશમાં સૌથી વધુ 33 ટકા નામ રદ થયા-દર 3માંથી 1 મતદારનું નામ રદ થયું

**નામો** ઉમેરવા 30 સપ્ટેમ્બર સુધી ફોર્મ-6 ભરી શકાશે, આખરી યાદી 4 નવેમ્બરે આવશે

**નવી દિલ્હી, તા. 31 (PTI):** દિલ્હીની ડ્રાફ્ટ મતાધિકાર યાદી (મતદાર યાદી) સોમવારે જાહેર કરવામાં આવી છે, જેમાં કુલ 1.45 કરોડ મતદારોમાંથી 47 લાખથી વધુ મતદારો એટલે કે દર ત્રણમાંથી એક મતદારને યાદીમાંથી બહારરાખવામાં આવ્યા છે. જે લોકોના નામ યાદીમાં નથી, તેઓ જરૂરી દસ્તાવેજો સાથે ફોર્મ 6 ભરીને 30 સપ્ટેમ્બર સુધી પોતાના દાવાઓ રજૂ કરી શકે છે. ચૂંટણી પંચના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અંતિમ મતદાર યાદી 4 નવેમ્બરે જાહેર કરવામાં આવશે. દાવાઓ અને વાંધાઓની તપાસ તેમજ નિકાલની પ્રક્રિયા 29 ઓક્ટોબર સુધી ચાલશે. વિશેષ ગહન સુધારણા (SIR) પ્રક્રિયા હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરખામણીએ દિલ્હીમાં ડ્રાફ્ટ સ્તરે સૌથી વધુ 33 ટકા નામો રદ થયા છે. આંકડાની દ્રષ્ટિએ 47 લાખથી વધુ નામો રદ થવા એ દેશમાં સૌથી ઊંચા

...અનુસંધાન પાના 4 પર

## તા. ૩૧-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૧.૦ મીમી | મોસમનો ૧૬૯૧ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૬૬ ફૂટ | આઉટફ્લો ૬૧૨૮ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦ સે. | ૨૯.૨ સે. | ૬૯% |

# મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો

**ભારત-**ઈરાન સંબંધો મજબૂત કરવા અને પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ લાવવા સંમતિ, ઈરાની રાષ્ટ્રપતિને ભારત આવવાનું આમંત્રણ આપ્યું

**મોદીની** નાગરિકો, દરિયાઈ જહાજો અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અપીલ

**પશ્ચિમ** એશિયાના સંઘર્ષની અસર ચાબહાર બંદર પ્રોજેક્ટ પર પણ પડી છે: ભારત



**બિશ્કેક, તા. 31 (PTI).** કિરગિઝસ્તાનની રાજધાની બિશ્કેકમાં આયોજિત શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે એક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત આવનારા સમયમાં ઈરાન સાથેના પોતાના વેપારનો વ્યાપ વધારવા અને તેમાં વિવિધતા લાવવા માંગે છે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્ષેત્રના તમામ વિવાદોનો ઉકેલ માત્ર સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા જ શક્ય છે. તેમણે

...અનુસંધાન પાના 4 પર

### ભારત આ યુદ્ધનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે: ઈરાન

ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા અધિકૃત નિવેદન મુજબ, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પીએમ મોદીને એક શાંતિપ્રિય નેતા ગણાવ્યા હતા અને તાજેતરના યુદ્ધ દરમિયાન ભારત દ્વારા આપવામાં આવેલા સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે અમેરિકા પર કૂટનીતિના બદલે યુદ્ધ અને અશાંતિ લાદવાનો આરોપ

...અનુસંધાન પાના 4 પર